સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), અમરેલી માટે મકાન ભાડે રાખવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પવછ/૧૦૨૦૧૮/૧૮૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૫/૧૦/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૯/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:પવછ/૧૦૨૦૦૯/મં.૨૩/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૫/૦૧/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: વિજાક/સકુછા/મ.ભા./૨૦૧૭-૧૮/૯૦

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧/૦૬/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: વિજાક/સકુછા/મ.ભા./૨૦૧૮/૮૮૮

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૬/૦૬/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./મ.ભા./૨૦૧૯/૩૧૩

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૨/૦૭/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./મ.ભા./૨૦૧૯/૧૩૨૬

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં જણાવ્યા મુજબ અમરેલી ખાતે આવેલ આદર્શ નિવાસી શાળા (કુમાર) અમરેલી તથા આદર્શ નિવાસી શાળા (કુમાર) બાબરા સંયુક્ત રીતે આદર્શ નિવાસી શાળા, (કુમાર) અમરેલીના મકાનમાં કાર્યરત હતી. જૂન-જુલાઇ ૨૦૧૭માં અનરાધાર વરસાદ થવાને કારણે તથા ઘણું જૂનું બિલ્ડીંગ હોઇ જર્જરીત અને ભયજનક હોઇ આદર્શ નિવાસી શાળાના છાત્રોને આ જ કેમ્પસમાં આવેલ સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.)ના બિલ્ડીંગમાં રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ. જેથી સરકારી કુમાર છાત્રાલય માટે બીજું મકાન ભાડે રાખવાની

જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આથી વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના પત્રોથી કરેલ સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), અમરેલી માટે માસિક રૂ.30,000/- અથવા પીડબલ્યુડી દ્વારા નક્કી કરવામાં આવે તે પૈકી જે ઓછું હોય તે ભાડા મુજબ સુશ્રી દક્ષાબેન મહેશભાઇ રામાણી તથા સુશ્રી મંજુલાબેન ચંદુભાઇ રામાણીના ચક્કરગઢ રોડ, અમરેલી ખાતેના મકાનનો ગ્રાઉન્ડ ફ્લોર તેમજ પ્રથમ અને બીજો માળ ભાડે રાખવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાના અંતે સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), અમરેલી માટે માસિક રૂ.30,000/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા)ના ભાડા મુજબ સુશ્રી દક્ષાબેન મહેશભાઇ રામાણી તથા સુશ્રી મંજુલાબેન ચંદુભાઇ રામાણીના ચક્કરગઢ રોડ, અમરેલી ખાતેના મકાનનો ગ્રાઉન્ડ ફ્લોર તેમજ પ્રથમ અને બીજો માળ ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૨) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૪) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) આદર્શ નિવાસી શાળા (કુમાર) અમરેલીના મકાનની તાત્કાલિક મરામત કરાવાની રહેશે અને ત્યારબાદ સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), અમરેલીના મૂળ મકાનમાં છાત્રાલયના વિદ્યાર્થીઓને રહેવા માટે વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે નવેસરથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

(૯) મકાન ભાડે રાખવા અંગેના તમામ કાયદા/નિયમો વગેરેનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ની તા.૩૦/૦૭/૨૦૧૯ અને તા.૧૪/૧૦/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય પી. ચોટલિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
બ્લોક નં.૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી
(૪) નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, અમરેલી [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]
(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
(૬) સેકશન અધિકારીશ્રી(કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
(૭) સિલેકટ ફાઇલ